# Official Spokesperson's response to media queries regarding the agreement between the parties to the Yemeni conflict

June 03, 2022

---

# યેમેનનાં વિગ્રહનાં પક્ષકારો વચ્ચેની સમજૂતિનાં સંબંધમાં મીડિયાનાં પ્રશ્નોનો અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

03 જૂન, 2022

યેમેનનાં વિગ્રહનાં પક્ષકારો વચ્ચેની સમજૂતિનાં સંબંધમાં મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, શ્રી અરિંદમ બાગચીએ કહ્યું હતું કે:

"બે વધુ મહિનાઓ માટે વર્તમાન યુદ્ધવિરામનું નવીનીકરણ કરવા માટે યેમેનનાં વિગ્રહનાં પક્ષકારો વચ્ચે થયેલી સમજૂતિને અમે આવકારીએ છીએ. આ વિકાસથી, છેલ્લા બે મહિનામાં યુદ્ધવિરામ દરમિયાન યેમેનમાં હિંસામાં થયેલા ઘટાડા તેમજ સંયુક્ત રાષ્ટ્રની આગેવાનીમાં વિગ્રહનાં પક્ષકારો વચ્ચે થયેલી સૌપ્રથમ રૂબરૂ બેઠકથી અમે પ્રોત્સાહિત થયા છીએ. અમે આશા રાખીએ છીએ કે આ વિકાસ સમગ્ર યેમેનમાં વિગ્રહ સમાપ્ત કરવા અને શાંતિ, સુરક્ષા અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે પક્ષકારો વચ્ચે વધુ રાજકીય સંવાદ તરફ દોરી જશે."

**નવી દિલ્હી**
**03 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.